| વિશિષ્ટ હેતુઓ | શૈક્ષણિક મુદ્દા | શિક્ષકની પ્રવૃત્તિ |
|---|---|---|
| વિદ્યાર્થી પૂર્વજ્ઞાન તાજું કરે<br><br>વિદ્યાર્થી નવું જ્ઞાન મેળવવા તત્પર બને<br><br>વિદ્યાર્થી વિષયાંગથી પરિચિત થાય | 5, 7, 20, 4,<br>27, 15, 37, 8,<br>10, 30, 25, 12<br><br>5, 15, 25<br><br>, ,<br><br>, ,<br><br>, ,<br><br>**વિષયાંગ - સંખ્યા પદ્ધતિ** | **શિક્ષક નીચે મુજબના પ્રશ્નોને આધારે વિષયાભિમુખ કરશે.**<br>(૧) આકૃતિમાં કેટલી હાર છે ?<br>(૨) દરેક હારમાં કેટલી સંખ્યાઓ છે ?<br>(૩) આકૃતિમાં કુલ કેટલી સંખ્યાઓ છે ?<br>(૪) હવે, તે પૈકી કેટલી સંખ્યાઓ દર્શાવી છે ?<br>(૫) ત્રણેય સંખ્યાઓ વચ્ચે શું સામ્ય છે ?<br>(૬) આવો ગુણધર્મ ધરાવતી બીજી ત્રણ સંખ્યાઓનું એક ઝુમખું દર્શાવો<br>(૭) એ જ પ્રમાણે બીજા કયા બે ઝુમખાં મળશે ?<br>(૮) 5, 15, 25 માં કઈ સામ્યતા છે ?<br>(૯) આ ઉપરાંત બીજી કઈ વિશેષતા છે ?<br>(૧૦) જ્યારે, 4, 8, 12 માં કઈ વિશેષતા છે ?<br>(૧૧) પરંતુ 7, 27, 37 માં કઈ બાબત છે ?<br><br>આમ, સંખ્યાઓને ચોક્કસ ગુણધર્મને આધારે ગોઠવવાની પદ્ધતિને **'સંખ્યા પદ્ધતિ'** કહેવાય જેના વિશે આપણે આજે શીખીશું. |
| વિદ્યાર્થી રેખા પરના નિશ્ચિત બિંદુથી ડાબી - જમણી દિશા દર્શાવી શકે<br><br>વિદ્યાર્થી રેખાને સંખ્યા રેખા તરીકે દર્શાવી શકે<br><br>વિદ્યાર્થી રેખા પર બિંદુને સંગત સંખ્યા દર્શાવી શકે<br><br>વિદ્યાર્થી એક-એક સંગતતા સમજે |  | **શિક્ષક નીચે મુજબના પ્રશ્નોને આધારે આકૃતિની મદદથી વિષય નિરૂપણ કરશે.**<br>(૧) શાની આકૃતિ છે ?<br>(૨) રેખા પર કયા બિંદુઓ દર્શાવ્યા છે ?<br>(૩) રેખા પર કઈ સંખ્યા દર્શાવી છે ?<br>(૪) દર્શાવેલું તીર કઈ તરફની દિશા સૂચવે છે ?<br>(૫) શૂન્યથી જમણી તરફની દિશામાં તીર દોરો.<br>(૬) હવે શૂન્યથી જમણી તરફ શૂન્ય પછી કઈ સંખ્યાઓ લખાશે ?<br>(૭) આ સંખ્યાઓ કેટલા સુધી લંબાવી શકાશે ?<br>(૮) આવી આ સંખ્યાઓ કેટલે સુધી વિસ્તરેલી કહી શકાય ?<br>(૯) આવી સંખ્યાઓ દર્શાવતી રેખાને કઈ રેખા તરીકે ઓળખી શકાય ?<br>(૧૦) જો 1 ને અનુરૂપ A, 2 ને અનુરૂપ B હોય તો 3 ને અનુરૂપ કયું બિંદુ ગણાશે ?<br>(૧૧) રેખા પર આવા કેટલા બિંદુઓ આવેલા હોય ?<br>(૧૨) તો જેમ 1,2,3 ને અનુરૂપ A,B,C બિંદુ મળે તેમ 4,5,6 ને અનુરૂપ પણ કેવા મૂળાક્ષરો લખી શકાય ?<br>(૧૩) આમ, દરેક સંખ્યાને અનુરૂપ મળતા બિંદુને કેવું બિંદુ કહેવાય ? |

| વિશિષ્ટ હેતુઓ | શૈક્ષણિક મુદ્દા | શિક્ષકની પ્રવૃત્તિ |
|---|---|---|
| વિદ્યાર્થી પ્રાકૃતિક સંખ્યાઓથી પરિચિત થાય<br><br>વિદ્યાર્થી પ્રાકૃતિક સંખ્યાગણનો સંકેત જાણે અને દર્શાવી શકે | 1 2 3<br>1 2 3<br>{1,2,3,...}<br>પ્રાકૃતિક સંખ્યાગણ<br>A B C<br>1 2 3<br>Natural Numbers<br>N={1,2,3,...} | **શિક્ષક નીચે મુજબના પ્રશ્નોને આધારે પ્રાકૃતિક સંખ્યાગણની માહિતી આપશે.**<br>(૧) સંખ્યા રેખા પર કઈ સંખ્યાઓ દર્શાવી છે ?<br>(૨) આ સંખ્યાઓ કેટલે સુધીની હશે ?<br>(૩) આમ, કઈ કઈ સંખ્યાઓનો સંખ્યાગણ બનશે?<br>(૪) આ બધી સંખ્યાઓને કેવી સંખ્યાઓ કહેવાશે ?<br>(૫) પ્રાકૃતિક સંખ્યાગણને અંગ્રેજીમાં શું કહે છે ?<br>(૬) આથી આ સંખ્યાગણને કયા સંકેત દ્વારા ઓળખીશું ? |
| વિદ્યાર્થી સંખ્યા રેખા પર સંખ્યાઓ દર્શાવી શકે<br><br>વિદ્યાર્થી પૂર્ણ સંખ્યાઓથી પરિચિત થાય<br><br>વિદ્યાર્થી પ્રાકૃતિક સંખ્યાગણ એ પૂર્ણ સંખ્યાગણનો ઉપગણ છે તે સમજે<br><br>વિદ્યાર્થી બે સંખ્યાગણોને ઉપગણના સંકેતથી દર્શાવી શકે | 1 2 3<br>0 1 2 3<br>શૂન્ય<br>0 1 2 3<br>પૂર્ણ<br>Whole Numbers<br>W={0}+{1,2,3,...}<br>પૂર્ણ સંખ્યાગણ<br>ઉપગણ<br>$N \subset W$ | **શિક્ષક નીચે મુજબના પ્રશ્નોને આધારે પૂર્ણ સંખ્યાગણની માહિતી આપશે.**<br>(૧) સંખ્યા રેખા પર કઈ સંખ્યાઓ દર્શાવી છે ?<br>(૨) સંખ્યા રેખા પર કઈ સંખ્યા ઉમેરી છે ?<br>(૩) હવે સંખ્યા રેખા પર કઈ કઈ સંખ્યાઓ છે ?<br>(૪) પ્રાકૃતિક સંખ્યાગણમાં કઈ એક સંખ્યા વધે છે ?<br>(૫) આ બધી સંખ્યાઓ મૂલ્યની દૃષ્ટિએ કેવી છે ?<br>(૬) પૂર્ણ સંખ્યાઓને અંગ્રેજીમાં શું કહે છે ?<br>(૭) શૂન્ય સહિતના પ્રાકૃતિક સંખ્યાગણને શું કહેવાશે ?<br>(૮) પ્રાકૃતિક સંખ્યાગણના બધા સભ્યો પૂર્ણગણમાં હોવાથી પ્રાકૃતિક સંખ્યાગણ પૂર્ણ ગણનો કેવો ગણ બનશે ?<br>(૯) પ્રાકૃતિક સંખ્યાગણ ઉપગણ પૂર્ણ સંખ્યાગણને સંકેતમાં કેવી રીતે દર્શાવાશે ? |
| વિદ્યાર્થી સંખ્યા રેખા પર સંખ્યાઓ દર્શાવી શકે | 0 1 2 3<br>0 1 2 3<br>0 1 2 3 | **શિક્ષક નીચે મુજબના પ્રશ્નોને આધારે પૂર્ણાંક સંખ્યાગણની માહિતી આપશે.**<br>(૧) સંખ્યા રેખા પર કઈ સંખ્યાઓ દર્શાવી છે ?<br>(૨) સંખ્યા રેખા પર શૂન્યની જમણી બાજુ જતા કઈ સંખ્યાઓ આવે ?<br>(૩) હવે ડાબી બાજુ આગળ વધતાં સંખ્યાઓ કઈ કઈ આવે છે ? |

| વિશિષ્ટ હેતુઓ | શૈક્ષણિક મુદ્દા | શિક્ષકની પ્રવૃત્તિ |
|---|---|---|
| | અનંત | (૪) આ સંખ્યાઓ કયાં સુધી વિસ્તરશે ? |
| વિદ્યાર્થી ધન અને ઋણ સંખ્યાઓ અનંત સુધી વિસ્તરેલી છે તે સમજે | ઋણ | (૫) આ બધી સંખ્યાઓ મૂલ્યની દૃષ્ટિએ કેવી છે ? |
| | ઋણ, ધન | (૬) આમ, શૂન્યની જમણી બાજુ કેવી સંખ્યાઓ છે અને ડાબી બાજુ કેવી સંખ્યાઓ છે ? |
| | {-1,-2,-3,...} + 0 + {1,2,3,...} | (૭) શૂન્ય સહિતની ધન અને ઋણ પૂર્ણ અંકોથી કયો સંખ્યાગણ બનશે ? |
| વિદ્યાર્થી પૂર્ણાંક સંખ્યાગણનો સંકેત જાણે અને દર્શાવી શકે | પૂર્ણાંક સંખ્યાગણ | (૮) આ સંખ્યાગણ કયા નામે ઓળખાશે ? |
| | Integers | (૯) પૂર્ણાંક સંખ્યાગણને અંગ્રેજીમાં શું કહે છે ? |
| | Z | (૧૦) પૂર્ણાંક સંખ્યાગણને કયા સંકેતથી દર્શાવવામાં આવે છે ? |
| વિદ્યાર્થી પૂર્ણ સંખ્યાગણ એ પૂર્ણાંક સંખ્યાગણનો ઉપગણ છે તે સમજે | Zahlen = સંખ્યાઓ | (૧૧) Z સંકેત કયા જર્મન શબ્દ પરથી લેવામાં આવ્યો છે ? |
| | ઉપગણ | (૧૨) આમ, પૂર્ણાંક સંખ્યાગણ એ પૂર્ણ સંખ્યાગણનો શું કહેવાશે ? |
| | $W \subset Z$ | (૧૩) પૂર્ણ સંખ્યાગણ અને પૂર્ણાંક સંખ્યાગણ વચ્ચેનો સંબંધ સંકેતથી કેવી રીતે દર્શાવાય ? |
| વિદ્યાર્થી ત્રણેય સંખ્યાગણ વચ્ચેના સંબંધને દર્શાવી શકે | $N \subset W \subset Z$ | (૧૪) પ્રાકૃતિક સંખ્યાગણના બધા સભ્યો પૂર્ણગણમાં હોવાથી અને પૂર્ણગણના બધા સભ્યો પૂર્ણાંક ગણમાં હોવાથી તે સંકેતમાં કેવી રીતે લખી શકાય ? |

**સારસ્વત વિદ્યાલય** **તારીખ : ૨૨-૯-૨૦૧૧**

**ધોરણ - ૮** **સંખ્યા પદ્ધતિ** **વિષય - ગણિત**

## મૂલ્યાંકન કસોટી

| | ગુણ | સમય |
|---|---|---|
| સૂચના : નીચેના વિધાનોમાંથી હું કોણ છું તે ઓળખી બતાવો | ૪ | ૫ મિનિટ |

1 મારા પર જુદી જુદી સંખ્યાઓ આવેલી છે. ______

2 મારી બન્ને બાજુ વિરુદ્ધ પ્રકારની સંખ્યાઓ આવેલી છે. ______

3 અમે શૂન્યની જમણી બાજુ આવેલી સંખ્યાઓ છીએ. ______

4 પ્રાકૃતિક સંખ્યામાં મને ઉમેરતાં પૂર્ણ સંખ્યાઓ મળે છે. ______

5 હું પૂર્ણ સંખ્યાગણમાં સમાઈ જાઉં છું. ______

6 રેખા પર સંખ્યા હોય તો તેને અનુરૂપ મારું અસ્તિત્વ હોય જ. ______

7 હું પ્રાકૃતિક સંખ્યાગણથી મોટો અને પૂર્ણાંક સંખ્યાગણથી નાનો ગણ છું. ______

8 મારું અંગ્રેજી નામ Integers છે. ______

**સારસ્વત વિદ્યાલય** | **તારીખ : ૨૨-૯-૨૦૧૧**

**ધોરણ - ૮** | **વિષય - ગણિત**

# સંખ્યા પદ્ધતિ

## સંખ્યાઓનું રેખા પર નિરૂપણ




અનંત

સંખ્યા રેખા




સંગત બિંદુ

## પ્રાકૃતિક સંખ્યાગણ (N)




{1,2,3,...}

પ્રાકૃતિક સંખ્યાગણ




Natural Numbers

N={1,2,3,...}

**કા પા કા ર્ય**

## પૂર્ણ સંખ્યાગણ (W)




શૂન્ય




પૂર્ણ

Whole Numbers

W= 0 + {1,2,3,...}

ઉપગણ

N ⊂ W

## પૂર્ણાંક સંખ્યાગણ (Z)




અનંત

ઋણ

ઋણ, ધન

{-1,-2,-3,...} + 0 + {1,2,3,...}

પૂર્ણાંક

Integers

Z

Zahlen = સંખ્યાઓ

ઉપગણ

W ⊂ Z

N ⊂ W ⊂ Z